# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/018 Dt. 26/06/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા સફળતા માટે બિઝનેસ કોમ્યુનિકેશન વિષે વર્કશોપ યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨૧ જૂન ૨૦૨૫ના રોજ સવારે ૯:૦૦થી સાંજે ૬:૦૦ કલાક દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સફળતા માટે બિઝનેસ કોમ્યુનિકેશન સંદર્ભે વર્કશોપ યોજાયો હતો, જેમાં પર્સનાલિટી ડેવલપમેન્ટ એક્ષ્પર્ટ સુશ્રી હીના જૈન દ્વારા ઉદ્યોગસાહસિકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સફળતા માટે બિઝનેસ કોમ્યુનિકેશન જેવા વર્કશોપ દ્વારા ઉદ્યોગસાહસિકો અને વ્યવસાયિકોને વ્યાવસાયિક વિકાસ માટે જરૂરી સોફ્ટ સ્કિલ્સ ઉપલબ્ધ થાય છે, જે તેમના વ્યવહારમાં તથા ટીમ નેતૃત્વમાં સફળતાની દિશામાં ખૂબ જ મહત્વનું સાબિત થાય છે.

પર્સનાલિટી ડેવલપમેન્ટ એક્ષ્પર્ટ સુશ્રી હીના જૈન દ્વારા ઉદ્યોગસાહસિકોને બિઝનેસમાં સફળતા માટે બેઝીક કોમ્યુનિકેશન સ્કીલ્સની ઉંડાણપૂર્વક સમજણ આપી હતી.તેમણે જણાવ્યું હતું કે, નમ્ર વ્યવહાર અને સ્પષ્ટ સંવાદ બિઝનેસમાં સફળતા માટેની ચાવી છે. તેમણે પ્રેઝન્ટેશન સ્કિલ્સ, ઇમેલ એથિક્સ, વર્બલ અને નોન વર્બલ કોમ્યુનિકેશન તથા કોન્ફીડન્ટ પબ્લિક સ્પીકિંગ જેવા વિષયો પર ઉદ્યોગસાહસિકો અને વ્યવસાયિકોને માર્ગદર્શન આપ્યું હતું.

SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ વર્કશોપમાં ઉપસ્થિત ઉદ્યોગસાહસિકો અને વ્યવસાયિકોને સર્ટિફિકેટ આપી સૌનો આભાર માન્યો હતો.